પરિપત્ર

ક્રમાંકઃ– હિસાબી–૨/અનદ/સી.એ.રીપોર્ટ/૨૦૧૯–૨૦/૨૦૨૦/૧૧૭૩૩–૪૪

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જીલ્લો,પાલનપુર
તારીખઃ–૨૫/૦૬/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
**અનુદાનિત** બીન સરકારી માધ્ય./ ઉચ્ચ.માધ્ય.શાળાઓ તમામ (ગ્રાન્ટેડ)
બનાસકાંઠા જીલ્લો.

વિષયઃ– સને ૨૦૧૯–૨૦ નું શાળાનું ઓડીટ કરાવી સી.એ.રીપોર્ટ આ કચેરીએ મોકલી આપવા બાબત.

સંદર્ભઃ– મે.સંયુકત શિક્ષણ નિયામકશ્રી, ૧૦ + ૨, ખાસ ઘટક, ગુ.રા.ગાંધીનગરના પત્રક્રમાંકઃ ઉમશ/ઉમા–૧/૨૦૧૯/૧૮૯૬–૧૯૨૯, તા.૬/૫/૨૦૧૯

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સને ૨૦૧૯–૨૦ ના વર્ષનું નાણાંકીય વર્ષ પૂર્ણ થયેલ છે. ગ્રાન્ટ–ઈન–એઈડ કોડ–૧૯૬૪ ના કોડ નં. ૯૦–૨ માં જણાવ્યા મુજબ " જે શાળાઓ આગલા વર્ષના ઓડીટેડ સ્ટેટમેન્ટ પછીના વર્ષના જુન માસ સુધીમાં રજૂ ન કરે તેવી શાળાઓને નિભાવગ્રાન્ટનો બીજો, ત્રીજો હપ્તો ચુકવવો નહીં તેવી સુચના છે.

**(૧) જે શાળાઓએ વર્ષ ૨૦૧૮–૧૯ ના ઓડીટેડ સ્ટેટમેન્ટ રજુ ન કર્યા હોય તેને તેઓ જયાં સુધી ઓડીટેડ સ્ટેટમેન્ટ રજુ ન કરે ત્યાં સુધી ગ્રાન્ટ ન આપવી તથા જરુર જણાયે શાળાના આચાર્યશ્રીનો પગાર અટકાવવો.**

**(૨) જે શાળાઓએ વર્ષ ૨૦૧૯–૨૦ ના ઓડીટેડ સ્ટેટમેન્ટ ૩૦ જુન સુધી રજુ ન કર્યા હોય તેઓને વર્ષ ૨૦૨૦–૨૧ નો નિભાવ અનુદાનનો માત્ર પહેલો હપ્તો ચુકવવો અને જરુર જણાય તો શાળાના આચાર્યશ્રીનો પગાર અટકાવવો.**

આમ ઉપરોકત વિગત ધ્યાને લઈ શાળાનું ઓડીટ કરાવી સી.એ.ઓડીટની નકલ આ કચેરીએ મોકલી આપવાની જોગવાઈઓ કરવામાં આવેલ છે. તેમ છતાં મોટા ભાગની શાળાઓને વારંવાર સૂચનાઓ આપવા છતાં સી.એ.રીપોર્ટ આ કચેરીએ મોકલી આપવામાં વિલંબ કરે છે.

જે શાળાઓના સને ૨૦૧૯–૨૦ ના વર્ષના સી.એ.ઓડીટ થઈ ગયેલ હોય તો તેની એક નકલ આ કચેરીને મોકલી આપવી. જે શાળાઓના સી.એ.ઓડીટ થયેલ ન હોય તેવી શાળાઓએ તાત્કાલિક અસરથી તા. ૧૫ મી જુલાઈ–૨૦૨૦ **સુધીમાં સી.એ.ઓડીટ કરાવી** તેની એક નકલ આ કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

આ બાબતની જાણ તમારા સંચાલક મંડળને અવશ્ય કરવાનું રાખશો.

(એન.બી.ચાવડા)
જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા,પાલનપુર

નકલ સવિનય રવાના :– મે.સંયુકત શિક્ષણ નિયામકશ્રી, કમિ.શ્રી, શાળાઓની કચેરી,ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારૂ.

Scanned by CamScanner

## પત્રક

શાળાનું નામઃ–  તાલુકાનું નામ :–  જિ.બ.કાં.

| ક્રમ | શાળાનું નામ | વર્ષ : ૨૦૨૦–૨૧ માં માન્ય માધ્ય.ના વર્ગોની સંખ્યા | | | શાળાનું ધો.૧૦ માર્ચ–૨૦૨૦ નું પરિણામ | વર્ષ : ૨૦૨૦–૨૧ માં માન્ય ઉ.મા.ના વર્ગોની સંખ્યા(સા.પ્ર./ઉ.બુ.) | | | શાળાનું ધો.૧૨ માર્ચ–૨૦૨૦ નું પરિણામ (સા.પ્ર) | વર્ષ : ૨૦૨૦–૨૧ માં માન્ય ઉ.મા.ના વર્ગોની સંખ્યા (વિ.પ્ર) | | | શાળાનું ધો.૧૨ માર્ચ–૨૦૨૦ નું પરિણામ (વિ.પ્ર) | ચાલુ વર્ષ ૨૦૨૦–૨૧ ના વર્ષની ફીની અંદાજીત આવક | શાળાને મકાનભાડું મળે છે કે કેમ ? હા કે ના |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ધો.૯ | ધો.૧૦ | કુલ વર્ગો | | ધો.૧૧ | ધો.૧૨ | કુલ વર્ગો | | ધો.૧૧ | ધો.૧૨ | કુલ વર્ગો | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| | | | | | | | | | | | | | | | |

નં.હિસાબી–૨/અનદ/૨૦૨૦–૨૧/પરિપત્ર/૧૧૭૪૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જીલ્લો,પાલનપુર
તારીખઃ૨૫/૬/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
અનુદાનિત બિન સરકારી માધ્ય./ઉચ્ચ.માધ્ય.શાળાઓ તમામ (ગ્રાન્ટેડ)
બનાસકાંઠા જીલ્લો

ઉપરોક્ત વિગત પરત્વે જણાવવાનું કે, સને ૨૦૨૦–૨૧ ના વર્ષની ગ્રાન્ટેડ શાળાઓને નિભાવગ્રાન્ટ ફાળવવા અંગે ઉપર મુજબના પત્રક મુજબની માહિતી તા.૩/૭/૨૦૨૦ સુધીમાં અત્રેની કચેરીની હિસાબી–૨(ગ્રાન્ટ) શાખામાં કમલેશભાઈ જે.ગોહિલ, .સ.કા. ને મો.નં.૮૪૦૧૨ ૭૭૭૦૦ માં વોટસઅપ કરવા જણાવવામાં આવે છે, જેથી સમયસર ગ્રાન્ટની ફાળવણી કરી શકાય. માહિતી સમયસર નહી આવે તો તે શાળાઓને નિભાવગ્રાન્ટ ફાળવવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા પાલનપુર

Scanned by CamScanner